# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **માધવપુર ઘેડ મેળાના ઉત્સવને આગામી સમયમાં દરેક જિલ્લામાં લઈ જવા રાજ્ય સરકારનો પ્રયાસ.**
2. **બાળલગ્ન જેવા મુદ્દાઓ અંગે જાગૃતિ લાવવા વિવિધ સમાજને સરકારની સાથે જોડાવવા આરોગ્ય મંત્રીની અપીલ.**
3. **રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા વિશેષ પ્રયાસ હાથ ધરાશે.**
4. **રાજ્ય સરકારે ગાંધીનગર મહાનગરપાલિકાને STP સહિતના કામ માટે 600 કરોડ રૂપિયાથી વધુની રકમ ફાળવી.**
5. **સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી આઠ એપ્રિલ સુધી હિટવેવની આગાહી.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MADHAVPUR AMDAVAD

યુવા અને રમતગમત બાબતોના રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, માધવપુર ઘેડ મેળાના ઉત્સવને આગામી સમયમાં દરેક જિલ્લામાં લઈ જવા સરકાર પ્રયાસ કરી રહી છે. અમદાવાદમાં ગઈકાલે માધવપુર ઘેડ મેળાની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં સંબોધતા શ્રી સંઘવીએ ઉત્તર-પૂર્વ રાજ્યોમાંથી આવેલા કલાકારોનું સ્વાગત પણ કર્યું હતું.

(બાઈટઃ હર્ષ સંઘવી)

દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાત અને ઉત્તર-પૂર્વ રાજ્યોના કલાકારો દ્વારા સંયુક્ત રીતે સાંસ્કૃતિક સંગમ કાર્યક્રમને ખૂલ્લો મુક્યો હતો. કાર્યક્રમમાં 800થી વધુ કલાકારોએ નૃત્ય પ્રદર્શન રજૂ કર્યું હતું. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું, આપણને અન્ય રાજ્યોની ભાષા ન સમજાય તો પણ વિવિધ રાજ્યના લોકનૃત્ય અને સાંસ્કૃતિક કૃતિઓનો આનંદ તો અનુભવી જ શકીએ છીએ.

# WAQF AMENDEMENT BILL

વક્ફ સુધારા વિધેયક 2025 સંસદમાં પસાર થઈ ગયું છે. રાજ્યસભાએ 12 કલાકની ચર્ચા બાદ ગઈકાલે આ વિધેયકને મંજૂરી આપી છે. 128 સભ્યોએ સુધારા

વિધેયકના પક્ષમાં અને 95 સભ્યોએ વિરોધમાં મતદાન કરાયું હતું. લોકસભામાં આ વિધેયક પહેલા જ પસાર થઈ ગયું છે.

આ વિધેયકનો ઉદ્દેશ વારસાગત સ્થળોનું સંરક્ષણ અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપવાની જોગવાઈની સાથે વક્ફ મિલકતોનું યોગ્ય સંચાલન કરવાનો છે. સાથે જ વ્યવસ્થાપનમાં પારદર્શકતા અને વક્ફ બૉર્ડ તેમજ સ્થાનિક સત્તાવાળાઓ વચ્ચે સમન્વય વધારવા વહીવટી તંત્રમાં સુધારો લાવવાનો છે.

# SANGHANI ON WAQF

ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોં-ઑપરેટિવ- ઇફ્કોના અધ્યક્ષ દિલીપ સાંઘાણીએ વક્ફ સુધારા વિધેયક અંગે પ્રતિક્રિયા આપી હતી. તેમણે આ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો આભાર માન્યો હતો. ઉલ્લેખનીય છે કે, સંસદમાં વક્ફ સુધારા વિધેયક 2025 ગઈકાલે પસાર થયું છે.

(બાઈટઃ દિલિપ સાંઘાણી, ચેરમેન, ઇફ્કો)

# RAJYAPAL AKASHVANI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આજે આકાશવાણીના અમદાવાદ સ્ટૂડિયોની મુલાકાતે આવશે. દરમિયાન રાજ્યપાલશ્રી સાથે એક ઈન્ટરવ્યૂ રેકોર્ડ કરાશે. શ્રી દેવવ્રત આકાશવાણીના પરિસરમાં વૃક્ષારોપણ પણ કરશે. ત્યારબાદ તેઓ સંમેલન ખંડમાં આકાશવાણી અમદાવાદના કર્મચારીઓ સાથે સંવાદ કરશે.

# RUSHIKESH PATEL BETHAK

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, રાજ્યમાં સગર્ભા માતાઓ અને બાળમૃત્યુ દરને ઘટાડવા પોષણયુક્ત આહાર અને ઉત્તમ આરોગ્ય સેવાઓ આપવી ઘણી જરૂરી છે. બાળલગ્ન અને કિશોરાવસ્થામાં ગર્ભધારણ જેવા ગંભીર મુદ્દાઓ માટે રાજ્ય સરકારની સાથે વિવિધ સમાજે પણ આ અંગે જાગૃતિ લાવવા જોડાવવું પડશે તેમ શ્રી પટેલે ઉમેર્યું હતું.

ગાંધીનગરમાં ગઈકાલે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં રાજ્યમાં આરોગ્ય, પોષણ અને કિશોર સંભાળ સંબંધિત મુખ્ય પડકારોની ચર્ચા કરવા એક ઉચ્ચસ્તરની બેઠક યોજાઈ હતી. દરમિયાન શ્રી પટેલે એનિમિયા અને કુપોષણનો કુદરતી રીતે સામનો કરવા સામુદાયિક આરોગ્ય કેન્દ્ર- CHC, જાહેર આરોગ્ય કેન્દ્ર- PHC અને આયુષ્માન આરોગ્ય મંદિર કેન્દ્રો પર સરગવાના વૃક્ષ વાવવાની ભલામણ પણ કરી હતી.

# DAMAN NITI AYOG

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં વિદ્યુતભવન ખાતે ઔદ્યોગિક વિકાસ અને ઉદ્યોગો માટે સરળતા લાવવા ગઇકાલે નીતિ આયોગની બેઠક યોજાઈ. બેઠકમાં નીતિ આયોગ કેબિનેટ સેક્રેટરી વિજય કુમાર સહિત અન્ય સભ્યો તેમજ દમણ, દાદરા અને નગરહવેલીના વેપારી મહામંડળોના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહ્યા. આ અંગે દાદરા-નગરહવેલીના ઉદ્યોગ મહામંડળના પ્રમુખ અજિત યાદવે માહિતી આપી.

**<u>(બાઈટઃ અજિત યાદવ, પ્રમુખ, દાનહ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન)</u>**

# ADIJATI VIBHAG BETHAK

રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં 100 ટકા પ્રાકૃતિક ખેતી થાય તે માટે આદિજાતિ વિકાસ વિભાગ સઘન પ્રયાસ હાથ ધરશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આદિવાસી વિસ્તારો પણ વિશેષ ધ્યાન આપવા પર ભાર મુક્યો હતો. શ્રી દેવવ્રતની અધ્યક્ષતામાં ગઈકાલે રાજભવન ખાતે કૃષિ અને આદિજાતિ વિકાસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે રાજ્યકક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં કૃષિમંત્રી રાઘવજી પટેલ અને આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોર પણ ઉપસ્થિત રહ્યા હતા.

આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું, પ્રાકૃતિક ખેતી અભિયાનમાં આદિજાતિ વિભાગનો સમાવેશ થવાથી ખેડૂતોને લાભ મળશે. ઉપરાંત ત્રણ ગ્રામ પંચાયત દીઠ ક્લસ્ટરની યોજનાઓથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની સંખ્યામાં વધારો થશે.

# ORGANIC FARMING

રાજકોટના યુવાનોએ પ્રાકૃતિક ખેતીથી સારી આવક મેળવી બીજાને ઉદાહરણ પૂરું પાડી રહ્યાં છે. કોટડાસાંગાણી તાલુકાના મેંગણી ગામના આ યુવાનોએ પ્રાકૃતિક ખેતી અપનાવવાની સાથે ખેત ઉત્પાદનમાં મૂલ્યવર્ધન કરી પોતાના મસાલા બ્રાન્ડ પણ વિકસાવી છે. આ અંગે ખેડૂત ધવલ પાનસુરિયાએ માહિતી આપી.

(બાઈટઃ ધવલ પાનસુરીયા, ખેડૂત)

# GNR DEVELOPMENT WORK

રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાને 600 કરોડથી વધુની રકમ ફાળવવાનો નિર્ણય કરાયો છે. આ રકમ અંતર્ગત ગંદા પાણીના નિકાલ વ્યવસ્થાપન અને સ્ટ્રોમ વૉટર ડિસ્પોઝલ નેટવર્ક તેમજ ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ-STP સહિતના કામ કરાશે. મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ વિસ્તારોમાં ગટરના પાણીના શુદ્ધિકરણની સુવિધા પણ વધુ સુદ્રઢ થશે. જ્યારે 20 વર્ષથી વધુ સમયની 11 કિલોમીટર ગ્રેવિટી મેઈનલાઈન બદલવામાં આવશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.આ રકમમાંથી જાસપુર S.T.P. અને તેને સંલગ્ન કામ માટે 245 કરોડ અને મહાનગરપાલિકાની હદ વિસ્તરણથી નવા સમાવિષ્ટ થયેલા ગામતળ અને ટાઉન પ્લાનિંગ વિસ્તારોમાં આવા કામ માટે 361 કરોડ રૂપિયા જેટલી રકમ ઉપયોગમાં લેવાશે.

# WEATHER

હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી આઠ એપ્રિલ સુધી અતિશય ગરમીનું મોજું ફરી વળવાની- હિટવેવની આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન દરિયાઈ જિલ્લાઓમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકાવાની શક્યતા છે.

બીજી તરફ, આઠ એપ્રિલ સુધી ઉત્તર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ સામાન્યથી મધ્યમ વરસાદની પણ આગાહી છે. આ અંગે હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે માહિતી આપી.

(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)

# TRAIN

પશ્ચિમ રેલવેના જણાવ્યા મુજબ, આજની ગાંધીધામ, પાલનપુર ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન ભીલડી અને પાલનપુર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના પાલનપુર મથક પર હાલના જૂના ફૂટઓવર બ્રિજને તોડવાના પ્રસ્તાવિત બ્લોકના કારણે આ ટ્રેનને આંશિક રદ કરવામાં આવી છે.